multi COLOUR edition

GYAN LIVE

GYAN LIVE

TET-I & TET-IIના નવા અભ્યાસક્રમ (2025) અનુસાર...

બાળવિકાસ, શિક્ષણશાસ્ત્ર &

સમાવેશી શિક્ષણ

શિક્ષણના વર્તમાન પ્રવાહોનો સમાવેશ



લેખક
ચેતન પટેલ સર
કાશ્મીરા ગલચર

માર્ગદર્શક
બહાદુરસિંહ સોલંકી સર

સંપાદક
જ્ઞાન લાઈવ ટીમ



અનુક્રમણિકા

ક્રમ	વિગત	પેજ નં
01	બાળવિકાસ : વિકાસની સંકલ્પના અને તબક્કાઓ	01
02	બાલ્યાવસ્થા : વિકાસને અસર કરતા પરિબળો	16
03	વિકાસના લક્ષણો : દિશાઓ શારિરીક વિકાસ	36
04	બાળકોમાં જ્ઞાનાત્મક અને ભાષાકીય વિકાસ	43
05	સામાજિક વિકાસ અને તેના અસર કરતા પરિબળો	49
06	એરિક એરિક્સનના મતે મનોસામાજિક વિકાસ અને સામાજિકીકરણ	55
07	બાળકોમાં ભાષા અને વિચારનો વિકાસ	66
08	બાળકેન્દ્રી અને પ્રગતિશીલ શિક્ષણની સંકલ્પનાઓ	76
09	બાળકો માટે અગત્યની સંસ્થાઓ	84
10	બાળકેન્દ્રી અને પ્રગતિશિલ શિક્ષણમાં યોગદાન આપનાર કેળવણીકારો	91

ક્રમ	વિગત	પેજ નં
11	બુદ્ધિની સંકલ્પના અંગેનો સમીક્ષાત્મક દ્રષ્ટિકોણ અને બહુઆયામી બુદ્ધિ	112
12	લિંગ (Sex) જાતિ (Gender)	127
13	અધ્યેતામાં વ્યક્તિગત ભિન્નતા	135
14	અધ્યયનનું મૂલ્યાંકન અને અધ્યયન માટેનું મૂલ્યાંકન	145
15	શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન	175
16	સમાવેશી શિક્ષણ	181
17	અધ્યયનના સિદ્ધાંતો (બાળક કેવી રીતે શીખે છે)	214
18	અધ્યયન - અધ્યાપનની પાયાની પ્રક્રિયાઓ	230
19	બાળક સમસ્યા ઉકેલનાર અને વૈજ્ઞાનિક શોધક તરીકે	234
20	બાળકોમાં અધ્યયન માટેની વૈકલ્પિક સંકલ્પના	246

ક્રમ	વિગત	પેજ નં
21	જ્ઞાન (બોધ) અને સંવેગો	256
22	પ્રેરણા અને અધ્યયન (પ્રેરણાના સિદ્ધાંતો)	263
23	અધ્યયનને અસર કરતા વ્યક્તિગત અને પર્યાવરણીય પરિબળો	274
24	સંરચનાત્મક 5 'E' મોડેલ	279
25	અધ્યયન સંક્રમણ	285
26	અધ્યાપન સૂત્રો	288
27	ભારતની શિક્ષણ નીતિઓ અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - NEP-2020	294
28	કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની પ્રાથમિક શિક્ષણની વિવિધ યોજનાઓ	324
29	શિક્ષણ સંદર્ભે બંધારણીય જોગવાઈઓ	371
30	બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009	383

ક્રમ	વિગત	પેજ નં
31	મિતાક્ષરી (Abbreviation)	385
32	મહત્ત્વના દિવસો અને શૈક્ષણિક સામયિકો	390
33	શૈક્ષણિક સાલવારી અને શૈક્ષણિક સંસ્થાઓના ધ્યેય વાક્યો	396
34	રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા (NCF-2005)	398
35	શૈક્ષણિક સંસ્થાઓ (સંક્ષિપ્ત માહિતી)	401
36	મુંઝવણનું સમાધાન	406
37	મનોવિજ્ઞાનની વ્યાખ્યાઓ	408
38	શિક્ષણપંચો (સંક્ષિપ્ત માહિતી)	411
39	પ્રકીર્ણ	425
40	શિક્ષણનું કરંટ (અગત્યના પ્રશ્નો સાથે)	432

TAT - I / II નવો અભ્યાસક્રમ 2025

TET-1 (ધોરણ 1 થી 5) અભ્યાસક્રમ 2025

ગુણ : 150
પ્રશ્નો : 150
માઈનસ પદ્ધતિ નથી.

સમય : 120 મિનિટ
(2 કલાક)

આ કસોટીમાં કુલ 5 વિભાગો છે.

વિભાગ- 1 બાળ વિકાસ અને શૈક્ષણિકશાસ્ત્ર (30 ગુણ - 30 પ્રશ્નો)

A. બાળ વિકાસ (15 ગુણ - 15 પ્રશ્નો)

B. સમાવેશી શિક્ષણ અને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અંગે સમજ (05 ગુણ - 05 પ્રશ્નો)

C. અધ્યયન અને શૈક્ષણિકશાસ્ત્ર (10 ગુણ - 10 પ્રશ્નો)

વિભાગ- 2 ગુજરાતી ભાષા (30 ગુણ - 30 પ્રશ્નો)

A. ભાષા અર્થગ્રહણ (15 ગુણ - 15 પ્રશ્નો)

- ભાષા સજ્જતા, અર્થગ્રહણ, ગધાર્થગ્રહણ, શ્રવણ-કથનનું ભાષા શિક્ષણમાં મહત્વ
- ધોરણ 1 થી 5 આધારે પ્રશ્નનો પરંતુ કઠિનતામૂલ્ય માટે ધોરણ - 10 સુધી રહેશે.

B. ભાષા વિકાસની શૈક્ષણિક પદ્ધતિ (15 ગુણ - 15 પ્રશ્નો)

- અધ્યય અને ભાષા, ભાષા શિક્ષણના સિદ્ધાંતો, ભાષા શીખવામાં વ્યાકરણની ભૂમિકા, વર્ગખંડમાં ભાષા શીખવવાના પડકારો, ભાષા કૌશલ્યો, ભાષા અર્થગ્રહણ, ઉપચારાત્મક શિક્ષણ

વિભાગ- 3 અંગ્રેજી ભાષા (30 ગુણ - 30 પ્રશ્નો)

A. ભાષા અર્થગ્રહણ (15 ગુણ - 15 પ્રશ્નો)

- ભાષા સજ્જતા, અર્થગ્રહણ, ગધ, શ્રવણ-કથનનું ભાષા શિક્ષણમાં મહત્વ
- ધોરણ 1 થી 5 આધારે પ્રશ્નો પરંતુ કઠિનતામૂલ્ય માટે ધોરણ - 10 સુધી રહેશે.

B. ભાષા વિકાસની શૈક્ષણિક પદ્ધતિ (15 ગુણ - 15 પ્રશ્નો)

- અધ્યય અને ભાષા, ભાષા શિક્ષણના સિદ્ધાંતો, ભાષા શીખવામાં વ્યાકરણની ભૂમિકા, વર્ગખંડમાં ભાષા શીખવવાના પડકારો, ભાષા કૌશલ્યો, ભાષા અર્થગ્રહણ, ઉપચારાત્મક શિક્ષણ

વિભાગ-4 ગણિત (30 ગુણ - 30 પ્રશ્નો)

A. વિષયવસ્તુ (15 ગુણ - 15 પ્રશ્નો)

- ગણિત વિષયમાં સંકલ્પના સ્પષ્ટીકરણની બાબતો ધોરણ 1 થી 5 આધારે પ્રશ્નો પરંતુ કઠિનતામાટે ધો - 10 સુધી રહેશે.

B. પદ્ધતિશાસ્ત્ર (15 ગુણ - 15 પ્રશ્નો)

- ગણિતનું સ્વરૂપ, બાળકની વિચારવાની તરાહ, અભ્યાસક્રમમાં ગણિતનું સ્થાન, ગણિત શિક્ષણની પદ્ધતિ/પ્રયુક્તિઓ, ઔપચારિક અને અનઔપચારિક મૂલ્યાંકન, ગણિતમાં થતી ભૂલો અને ઉપાયો.

ભાગ-5 પર્યાવરણ, સામાન્ય જ્ઞાન, શિક્ષણના વર્તમાન પ્રવાહો (30 ગુણ - 30 પ્રશ્નો)

A. પર્યાવરણ (20 ગુણ - 20 પ્રશ્નો)

(1) પર્યાવરણ વિષયવસ્તુ (10 ગુણ - 10 પ્રશ્નો)

- પર્યાવરણના ધોરણ 1 થી 5 ના આધારે પ્રશ્નો

(2) પદ્ધતિશાસ્ત્ર (10 ગુણ - 10 પ્રશ્નો)

- પર્યાવરણની સંકલ્પના, મહત્વ, શિક્ષણ સાથે સબંધ, અધ્યયના સિદ્ધાંતો, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન સાથેના વ્યાપ સબંધ, સંકલ્પનાઓ રજુ કરવાની પદ્ધતિઓ, પ્રવૃતિઓ, પ્રયોગો, ચર્ચા, સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન, શિક્ષણ સામગ્રી અધ્યાપનની સમસ્યાઓ.

B. સામાન્ય જ્ઞાન, રિઝનિંગ (05 ગુણ - 05 પ્રશ્નો)

C. શિક્ષણના વર્તમાન પ્રવાહો (05 ગુણ - 05 પ્રશ્નો)

TET-2 (ધોરણ 6 થી 8) અભ્યાસક્રમ 2025

ગુણ : 150 | સમય : 120 મિનિટ (2 કલાક)

માઇનસ પદ્ધતિ નથી.

વિભાગ- 1 (75 ગુણ)

1. બાળવિકાસ અને શૈક્ષણિકશાસ્ત્ર (25 ગુણ - 25 પ્રશ્નો)

A) બાળવિકાસ (10 ગુણ - 10 પ્રશ્નો)

B) સમાવેશી શિક્ષણ અને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અંગે સમજ (05 ગુણ - 5 પ્રશ્નો)

C) અધ્યયન અને શૈક્ષણિકશાસ્ત્ર (10 ગુણ - 10 પ્રશ્નો)

2. ભાષા (ગુજરાતી અને અંગ્રેજી) (25 ગુણ - 25 પ્રશ્નો)

- ભાષાકીય સજજતા
- સારગ્રહણ
- શ્રવણ, કથન
- ભાષા શિક્ષણમાં મહત્ત્વ

3. સામાન્ય જ્ઞાન, શિક્ષણના વર્તમાન પ્રવાહો (25 ગુણ - 25 પ્રશ્નો)

- સામાન્ય જ્ઞાન
- રિઝનિંગ
- શિક્ષણના વર્તમાન પ્રવાહો

વિભાગ- 2 (75 ગુણ)

ગણિત-વિજ્ઞાન (75 ગુણ)

ગણિત (40 ગુણ)

A) ગણિત વિષયવસ્તુ (25 ગુણ)

- સાગણિત વિષયમાં સંકલ્પના, સ્પષ્ટીકરણની બાબતો અને સમસ્યા ઉકેલપ્રશ્નો.

B) ગણિત પદ્ધતિશાસ્ત્ર (15 ગુણ)

વિજ્ઞાન (35 ગુણ)

A) વિજ્ઞાન વિષયવસ્તુ (25 ગુણ)

- વિજ્ઞાન વિષયમાં વ્યવહારિક વિજ્ઞાન, રોજબરોજના અનુભવ સાથેનું વિજ્ઞાન, અવલોકન અને નિરીક્ષણના પ્રશ્નો.
- ધોરણ 6 થી 8 આધારે વિજ્ઞાનના પ્રશ્નો પરંતુ કઠિનતામૂલ્ય માટે ધો-12 સુધી રહેશે.

B) વિજ્ઞાન પદ્ધતિશાસ્ત્ર (10 ગુણ)

વિભાગ- 2 (75 ગુણ)

ભાષા (75 ગુણ)

1) ગુજરાતી (20 ગુણ)
- વિષયવસ્તુ (15 ગુણ)
- પદ્ધતિશાસ્ત્ર (5 ગુણ)

2) અંગ્રેજી (20 ગુણ)
- વિષયવસ્તુ (15 ગુણ)
- પદ્ધતિશાસ્ત્ર (5 ગુણ)

3) હિન્દી (20 ગુણ)
- વિષયવસ્તુ (15 ગુણ)
- પદ્ધતિશાસ્ત્ર (5 ગુણ)

4) સંસ્કૃત (15 ગુણ)
- વિષયવસ્તુ (10 ગુણ)
- પદ્ધતિશાસ્ત્ર (5 ગુણ)
- વિષયવસ્તુ ધો-6 થી 8ના આધારે પરંતુ કઠિનતામૂલ્ય માટે ધો-10 સુધી રહેશે.

- પદ્ધતિશાસ્ત્રના મુદ્દા : ભાષાશિક્ષણના સિદ્ધાંતો, શ્રવન કથનની ભૂમિકા, માહિતી ટેક્નોલોજીનો ઉપયોગ, ભાષા શિક્ષણના પડકારો, ભાષા કૌશલ્ય, મૂલ્યાંકન, વગેરે.....

વિભાગ- 2 (75 ગુણ)

સામાજિક વિજ્ઞાન (75 ગુણ)

1) સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુ (50 ગુણ)
- ભૂગોળ, ઈતિહાસ, દેશની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ, સામાજિક મુલ્યો જેવી બાબતોને આવરી લેવાશે.
- ધોરણ 6 થી 8ના આધારે પ્રશ્નો પરંતુ કઠિનતામૂલ્ય માટે ધોરણ 12 સુધી રહેશે.

2) સામાજિક વિજ્ઞાન પદ્ધતિશાસ્ત્ર (25 ગુણ)
- સંકલ્પના, નિર્ણયાત્મક શક્તિ, વિવેચનાત્મક યાદશક્તિ વિકસાવવી, વર્ગખંડ પ્રક્રિયાઓ અને પદ્ધતિઓ, જીવનવૃતાંત, પ્રાદેશિક પદ્ધતિ, પ્રોજેક્ટ પદ્ધતિ, આત્મકથા પદ્ધતિ, વગેરે ....

01 બાળવિકાસ : વિકાસની સંકલ્પના અને તબક્કાઓ

માનવ વિકાસ

- માનવ વિકાસની પ્રક્રિયા જન્મ પૂર્વેથી શરુ થાય છે તેમજ મૃત્યુ સુધી વ્યક્તિમાં થતા વિવિધ ફેરફારો દ્વારા થતા વિકાસનું સૂચન કરે છે
- **માનવ વિકાસનો અર્થ કેટલાંક માનવ શાસ્ત્રીઓના મતે :**
- માનવ વિકાસ એ વાતાવરણના સંપર્કમાં થતી વ્યક્તિઓની પ્રવૃત્તિઓનું વૈજ્ઞાનિક સંબંધમાં વિકાસની પ્રક્રિયાની જાણકારી મેળવવી. - વુડવર્થ
- માનવ સ્વભાવનું યથાર્થ દર્શન એ માનવ વિકાસ છે. - બોરિંગ
- માનવ વિકાસ એટલે પરિપકવતાના ધ્યેય તરફ લઈ જતા વ્યવસ્થિત અને સંવાદિત ફેરફારોની હારમાળા - ઈલીઝાબેથ હરલોક
- વિકાસ દ્વારા વ્યક્તિ પરિપૂર્ણતાની પ્રાપ્તિ તરફ આગળ વધે છે. - કેંટ્રીન અને ઈરાગાર્ટન
- વિકાસ એ વ્યવસ્થિત અને સુસંબંધ ફેરફારોની હારમાળાનું સુચન કરે છે. - ગેસેલ

માનવ વિકાસનું મહત્ત્વ :

- વ્યક્તિના વર્તનને સમજવા
- માનવ વિકાસના તબક્કા જાણવા.
- સમસ્યારુપ વર્તનના ઉકેલ માટે.
- ખામી ધરાવતાં બાળકો માટે માર્ગદર્શન.
- બાળકના શિક્ષણના આયોજન માટે.
- બાળકની વૃદ્ધિ અને વિકાસના સિદ્ધાંતો જાણવા.
- બાળકના ભાવિ જીવનની તૈયારી કરવા માટે.

માનવ જીવનના વિકાસના તબક્કા:

- માનવ જીવનનો વિકાસ અમુક તબક્કામાં થાય છે.

ઈલિઝાબેથ હરલોકના મતે વિકાસની અવસ્થા

- **જન્મ પૂર્વેની અવસ્થા** (ગર્ભાધાનથી લગભગ 280 દિવસનો સમયગાળો)
  - બીજ અવસ્થા : 0 થી 2 અઠવાડિયાં (15 દિવસ)
  - ભ્રૂણ અવસ્થા : 2 અઠવાડિયાંથી 2 માસ (45 દિવસ)
  - ગર્ભાવસ્થા : 2 માસથી જન્મ સુધી
- **જન્મ પછીની અવસ્થા**
  - શૈશવાવસ્થા : જન્મ - 2 વર્ષ
  - બાલ્યાવસ્થા : 2 - 12 વર્ષ
    - પૂર્વ બાલ્યાવસ્થા : 2 - 6 વર્ષ
    - ઉત્તર બાલ્યાવસ્થા : 6 - 12 વર્ષ
  - તરુણાવસ્થા : 12 - 18 વર્ષ
    - પૂર્વ તરુણાવસ્થા : 12 - 15 વર્ષ
    - ઉત્તર તરુણાવસ્થા : 16 - 18 વર્ષ
  - પુખ્તાવસ્થા : 18 - 50 વર્ષ
    - પૂર્વ પુખ્તાવસ્થા : 18 - 35 વર્ષ
    - ઉત્તર પુખ્તાવસ્થા : 36 - 50 વર્ષ
  - વૃદ્ધાવસ્થા : 60 થી વધુ